Commissionerate of School
Vidya Samiksha Kendra
3rd Floor, Opposite Punitvan, Sector-19, Gandhinagar 382021

Te.No.: 07923254001 **E-mail: ss.umabranch@gmail.com**

Ref. COS/10+2 /uma-02/2025/ **Date: /11/2026**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય: અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગ-૪ના કર્મચારીઓના ગણવેશ/ગરમ ગણવેશનું કાપડ/સિલાઈ/બૂટ/ચપ્પલ, રેઈનકોટ અને ધોલઈ ભથ્થાના દરમાં સુધારો કરવા બાબત

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગનો તા.૦૨/૦૭/૧૯૯૯નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૯૯-૭૪૧(૩)-ગ
(૨) શિક્ષણ વિભાગનો તા.૦૭/૦૬/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૨૦૦૨/૧૮૯૮/ગ
(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૦/૦૭/૨૦૩નો ઠરાવ ક્રમાંક: GAD/MSM/e-file/1/2022/2118/KH3
(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૧/૦૭/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: GAD/MSM/e-file/1/2022/2118/KH3
(૫) અત્રેની કચેરીનો તા. ૩૦/૦૮/૨૦૨૫નો પત્રાંક: COS/0275/08/2025
(૬) અત્રેની કચેરીનો તા. ૨૮/૧૧/૨૦૨૫નો પત્રાંક: COS/0488/11/2025
(૭) અત્રેની કચેરીનો તા. ૧૯/૦૫/૨૦૨૬નો પત્રાંક: COS/MIS/e-file/276/2025/0811/Higher secondary section
(૮) અત્રેની કચેરીનો તા.૧૭/૧૦/૨૦૨૬નો પત્રાંક: COS/MIS/e-file/276/2025/0811/Higher secondary section
(૯) શિક્ષણ વિભાગનો તા. ૧૪/૧૦/૨૦૨૫નો પત્રાંક: ED/MIS/e-file/3/2025/0318/G
(૧૦) શિક્ષણ વિભાગનો તા. ૨૬/૧૨/૨૦૨૫નો પત્રાંક: ED/MIS/e-file/3/2025/0318/G
(૧૧) શિક્ષણ વિભાગનો તા. ૨૦/૦૬/૨૦૨૬નો પત્રાંક: ED/MIS/e-file/3/2025/0318/G
(૧૨) શિક્ષણ વિભાગનો તા. ૧૦/૧૧/૨૦૨૬નો પત્રાંક: ED/MIS/e-file/3/2025/0318/G
(૧૩) ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળની તા.૨૬/૦૬/૨૦૨૪ અને તા.૨૬/૦૭/૨૦૨૪ની રજૂઆત

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારીકર્મચારી સંઘ મહામંડળ દ્વારા તા.૨૬/૦૬/૨૦૨૪ અને તા.૨૬/૦૭/૨૦૨૪ ના ઉકત સંદર્ભદર્શિત (૧૩)ના પત્રથી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગ-૪ના કર્મચારીઓના ગણવેશ/ગરમ ગણવેશનું કાપડ/સિલાઈ/બૂટ/ચપ્પલ, રેઈનકોટ અને ધોલઈ ભથ્થાના દરમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૦૭/૨૦૨૩ અને તા.૦૧/૦૭/૨૦૨૪ ઠરાવથી કરેલ સુધારો અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગ-૪ ના કર્મચારીઓને આપવા માટે અત્રેની કચેરીને રજૂઆત કરેલ હતી. જે અન્વયે અત્રેની કચેરી દ્વારા ઉકત સંદર્ભદર્શિત (૫), (૬), (૭) થી શિક્ષણ વિભાગને દરખાસ્ત કરેલ હતી. જે અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા ઉકત સંદર્ભદર્શિત (૯), (૧૦), (૧૧)ના પત્રથી સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૦૭/૨૦૨૩ અને તા.૦૧/૦૭/૨૦૨૪ના ઠરાવથી **"સરકારી વર્ગ-૪ ના કર્મચારીઓને ભથ્થાઓમાં લાગુ પાડેલ સુધારાનો લાભ ગ્રાન્ટેડ શાળાનાં કર્મચારીઓને આપવા બાબતે આપની કક્ષાએથી નિર્ણય કરવાનો રહે તેમ જણાવેલ છે."**

અત્રેની કચેરીના તા.૧૭/૧૦/૨૦૨૬ના ઉકત સંદર્ભદર્શિત (૮) પત્રથી સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૦૭/૨૦૨૩ અને તા.૦૧/૦૭/૨૦૨૪ના ઠરાવની જોગવાઈઓ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગ-૪ ના કર્મચારીઓને લાગુ પાડવા બાબતે નિર્ણય થઈ આવવા પુનઃ દરખાસ્ત શિક્ષણ વિભાગને મોકલી આપેલ હતી. શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૦/૧૧/૨૦૨૬ના ઉકત સંદર્ભદર્શિત (૧૨) પત્રથી સદર બાબતે નીચે મુજબ કાર્યવાહી કરવા જણાવેલ છે.

- **રાજયની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના પટાવાળાને યુનિફોર્મ/ધોલાઈ ખર્ચ વગેરેનો સમાવેશ વિભાગના તા.૦૨/૦૭/૧૯૯૯ના ઠરાવ ક્રમાંક:બમશ-૧૧૯૯-૭૪૧(૩)-ગ થી નિયત કરેલ નિભાવ અનુદાન ના માન્ય ખર્ચની યાદી ક્રમાંક – ૪૫ માં થાય છે.**
- **ઉકત યાદીમાં ગણવેશમાં સિલાઈ/બૂટ/ચપ્પલ/રેઈનકોટ વગેરેનો સ્પષ્ટ ઉલેખ કરેલ ન હોય વિભાગના તા.૦૭/૦૬/૨૦૦૭ના ઠરાવથી સરકારના વર્ગ-૪ ના કર્મચારીઓના ધોરણે વખતોવખત નિયત કર્યા મુજબ યુનિફોર્મ, સિલાઈ ખર્ચ, ધોલાઈ ખર્ચ ઉપરાંત બુટ-ચપ્પલ, છત્રી રેઈનકોટનો સમાવેશ માન્ય ખર્ચની યાદીમાં કરવામાં આવેલ છે.**

- **વિભાગના તા.૦૭/૦૬/૨૦૦૭ના ઠરાવમાં સરકારના વર્ગ–૪ ના કર્મચારીઓના ધોરણે વખતોવખત નિયત કર્યા મુજબ ઉકત લાભોનો સમાવેશ માન્ય ખર્ચની ચાદીમાં કરવાનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે એટલે કે, વર્ગ–૪ સરકારી કર્મચારીને લાગુ પડતા દરો ગ્રાન્ટેડ શાળાઓના વર્ગ–૪ ના કર્મચારીઓને આપોઆપ લાગું પડે છે.**
- **વધુમાં અનુદાનિત શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓને ગણવેશ, ધોલાઈ ભથ્થા, બુટ, ચપ્પલ, છત્રી, રેઈનકોટ વગેરેના લાભ સામાન્ય સરકારી કર્મચારીની જેમ પગાર ભથ્થા તરીકે નહીં પરંતુ અનુદાનિત શાળાઓને આપવામાં આવતી નિભાવ ગ્રાન્ટમાંથી આપવામાં આવે છે તેથી ઉકત દરોમાં વધારો કરવાથી સરકાર પર કોઈ વધારાનું નાણાકીય ભારણ આવતું નથી.**

આમ, ઉકત તમામ વિગતો ધ્યાને લઈ શિક્ષણ વિભાગના તા.૧૦/૧૧/૨૦૨૬ના ઉકત સંદર્ભદર્શિત (૧૨) પત્રમાં જણાવ્યા મુજબની વિગતે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૦૭/૨૦૨૩ અને તા.૦૧/૦૭/૨૦૨૪ના ઠરાવની જોગવાઈઓ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગ–૪ ના કર્મચારીઓને લાગુ પાડવા આથી અનુમતી આપવામાં આવે છે.

નોંધ પર મળેલ માન.કમિશ્નરશ્રીના આદેશાનુસાર...

નાયબ શિક્ષણ નિયામક(૧૦+૨)
કમિશ્નર શાળાઓની કચેરી
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના:–

સેકશન અધિકારીશ્રી, ગ શાખા, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
 પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારીકર્મચારી સંઘ મહામંડળ, શેઠ એમ.ડી.હાઇસ્કુલ, મુ.પો. પુંધરા, તા. માણસા, જિ.ગાંધીનગર – ૩૮૨૮૫૫

Signature Not Verified

Signed by:KISHANBHAI FATESHING VASAVA
Deputy Director
Date:2026.11.21 13:34:11 +5:30

File No: COS/MIS/e-file/276/2025/0811/Higher secondary section
Approved By: Deputy Director,Higher secondary section,COS

Open the document in Adobe Acrobat DC to verify the E-sign